નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ–મેઈલ : **dd2-dsd@gujarat. gov.in**

---

નં.સસુખા/બલભ/બાળલગ્ન/૨૦૧૭-૧૮/ ૭૪ તા.૨૭ /૦૪ /૨૦૧૭

<u>પરિપત્ર</u>

પ્રતિ,
બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,
તમામ.....

વિષય : બાળલગ્ન પ્રતિબંધક ધારા અન્વયેની કામગીરી બાબત.
(બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬)

ઉપરોક્ત વિષય અન્વયે તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સહ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીશ્રીઓને જણાવવાનું કેસમગ્ર રાજ્યમાં બાળલગ્ન પ્રતિબંધક ધારો-૨૦૦૬ અમલમાં છે. હિન્દુ પરંપરાગત મુજબ "અક્ષયતૃતિયા" ( અખાત્રીજ) નિમિત્તે મોટા પ્રમાણમાં લગ્ન સમારંભો થાય છે. અને ઘણા જાતિ સમુદાયોમાં સગીર છોકરા-છોકરીઓના લગ્નો પણ થાય છે. આગામી તા-૨૯/૦૪/૨૦૧૭ ના શનિવારના રોજ અક્ષયતૃતિયા ( અખાત્રીજ) નિમિત્તે ઘણા બધા લગ્નો થવાની સંભાવના છે જેથી બાળલગ્ન અંગેની ફરિયાદો મળ્યેથી બાળલગ્ન પ્રતિબંધક અધિકારીશ્રીઓએ જાતે બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ અને બાળલગ્ન પ્રતિબંધ નિયમો-૨૦૦૮ મુજબ તપાસકરી બાળલગ્ન અટકાવવા કાર્યવાહી સમયસર અને ચુસ્તપણે અચૂક અમલ કરવા જણાવવામાં આવે છે. આ ધારાનો બહોળો પ્રચાર-પ્રસાર કરવા જણાવવામાં આવે છે. અન્યથા આ બાબતમાં બેદરકારીના કારણે ભવિષ્યમાં જો કોઇ પરિસ્થિતી ઉપસ્થિત થશે તે અંગેની જવાબદારી સબંધિત અધિકારીશ્રીની રહેશે જેની નોંધ લેવી.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:-
જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી તમામને જાણ તથા આનુંષંગિક કાર્યવાહી સારૂ.